# શાળા-કોલેજોમાં મોબાઇલ પ્રતિબંધ. કેટલો વાજબી?

સરકારે શાળા-કોલેજોમાં મોબાઇલના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવતો નિર્ણય લીધો છે. આ નિર્ણય ભવિષ્યમાં કેટલી જગ્યાએ અવરોધરૂપ બનશે તે ભવિષ્યમાં ખબર પડશે. અત્યારે સામાન્ય વ્યક્તિ દ્વારા ઉપયોગમાં લેવાતી ટેકનોલોજીના સંદર્ભમાં ભારત વિશ્વમાં ૪૯મા સ્થાને છે, તે સ્થાન પાછળ જશે તે શંકાવિહીન બાબત છે. ટી.વી. નવેનવું આવ્યું ત્યારે તેને “ઇડિયટ બોક્સ” તરીકે ગણાવ્યું હતું. લોકો કહેતા કે ટી.વી.ને કારણે છોકરા ભણતા નથી અને બગડી જાય છે. આજે કેટલા ઘરમાં ટી.વી.નો ઉપયોગ ઓછો થયો? અરે, સરકાર પોતાના ખર્ચે શાળા-કોલેજોમાં ટી.વી. આપે છે ! અરે ભાઇ, નવું આવે તેનો વિરોધ થાય જ છે. આ વિરોધ જ તેની મહત્તા સાબિત કરે છે. નવું હોય ત્યાં સુધી તેનો વિવિધ રીતે ટાઇમ પાસ કરવા ઉપયોગ થાય, પણ એકવાર ટેવાઇ ગયા પછી જરૂરી મહત્ત્વનો જ ઉપયોગ થાય છે. શાળામાં શિક્ષકની રજા સિવાય પાણી પીવા કે શૌચાલયમાં ન જઇ શકતો વિદ્યાર્થી ચાલુ વર્ગમાં મોબાઇલનો ઉપયોગ કરે તે શંકાસ્પદ નથી લાગતું? આજે વિદ્યાર્થીઓ અને શિક્ષકો એકબીજા પાસે નવી અપેક્ષા રાખે છે. આ અપેક્ષા ઇન્ટરનેટ જ સંતોષી શકે છે અને અનુકૂળતા મોબાઇલ ઊભી કરી શકે છે. થોડા જ વર્ષો પછી ઇન્ટરનેટના સંપર્ક વગરનો શિક્ષક અધૂરો ગણાશે.

શિક્ષકે કે વાલીએ ક્યારેય વિદ્યાર્થીને મોબાઇલના સારા ઉપયોગની ચર્ચા કરી છે? પછી તો બિચારાને જે આવડે તે જ કરે ને? આમ તો આજના મોટાભાગના પપ્પા કે મમ્મીને ટી.વી. કે મોબાઇલના વિવિધ ફિચર્સ વાપરતા તેમનું બાળક જ શીખવાડે છે. જે આગળ છે તેને ખેંચીને શા માટે પાછો પાડો છો.મૂલ્યોના પાઠ શીખવવાની જવાબદારી વાલી પર છોડોને, તેનો બધો ઝંડો સરકારે લઇને ફરવાની જરૂર નથી. છતાં મોબાઇલનો ઉપયોગ કરનાર છોકરાના બાપને ફરિયાદ કરશો તો તેમનો જવાબ શું હશે? તેમનો જવાબ હશે કે, મોબાઇલ અમે જ લાવી આપ્યો છે. અમને તેના પર વિશ્વાસ છે. જો બાપને વિશ્વાસ હોય તો સરકારી અધિકારીઓને કેમ નથી? શાળા-કોલેજોમાં ચાલુ તાસમાં મોબાઇલનો ઉપયોગ યોગ્ય નથી જ. તો સરકારી મિટીંગ કે નાગરિક સાથેની ચર્ચા દરમિયાન અધિકારીઓના રણકતા ફોન ઉચિત છે? રિસેસ સિવાયના સમયે પણ સરકારી કચેરીઓની કેન્ટીન હાઉસફૂલ જ કેમ દેખાય છે? શું તે યોગ્ય છે? મોબાઇલથી વિદ્યાર્થીઓ વાતો કરે છે. એસ.એમ.એસ. કરે છે. પણ બાઇક કે એક્ટિવા પર ફરે પણ છે. ત્યારે સરકાર ભવિષ્યમાં કદાચ બાઇક પર પણ પ્રતિબંધ મૂકી દેશે. અને તેમની દલીલ હશે કે, પ્રાઇવેટ વાહનની શી જરૂર છે? રીક્ષા, બસ વગેરે છે જ ને. અમે નાના હતા ત્યારે ક્યાં પ્રાયવેટ સાધનો લઇને શાળાએ જતાં હતાં. છતાં અમે ભણ્યાં જ છીએ ને ?

મોબાઇલ ઉપયોગ ચાલુ તાસમાં કરવો યોગ્ય નથી જ. વિદ્યાર્થીઓ ભલેને મોબાઇલ લાવે, પણ વર્ગમાં તેને વાયબ્રન્ટ પર કે સ્વીચ ઓફ કરીને રાખે તો શિક્ષકને શું વાંધો છે? તમે વર્ગમાં રોકશો, પણ વર્ગ બહાર શું? એકભાઇની દલીલ હતી કે, વર્ગમાં ન લાવે, બહાર મૂકીને આવે. આમ કરવાથી તો આપણે ચોરની સંખ્યામાં વધારો જ કરીશું. શિક્ષણમાં ક્રાંતિકારી પરિવર્તનોની વાત કરતાં આપણે સૌ મોબાઇલ જેવા હાથવગા અને હાથસગા સાધનનો વિકાસલક્ષી ઉપયોગ કરવાનું શરૂ કરીશું તો વિદ્યાર્થીઓ પણ તેને અનુસરશે.

ગુજરાતનું ચોક્કસ થિમ આધારિત આઇ.એસ.એસ.એન. નંબર ધરાવતું એકમાત્ર શૈક્ષણિક મેંગેઝિન આદિત્ય કિરણના તંત્રી ડૉ. હર્ષદ પટેલે તેમના તંત્રીલેખમાં લખ્યું છે કે, મોબાઇલ સ્ટેટસ કે ફેશન સિમ્બોલને બદલે અનિવાર્ય બનેલ છે. મોબાઇલના ઉપયોગથી વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયા ધીમી પડી, બંધ પડી કે વિચલિત થઇ તેવા કોઇ સંશોધનો કે પ્રમાણિત ઉદાહરણો આપણને મળ્યા નથી. ટેકનોલોજીના યુગમાં કમ્પ્યૂટરનો ઉપયોગ વિદ્યાર્થીઓ કરે તેવું શિક્ષણપંચો, શિક્ષણવિદ્દો, શિક્ષણમંત્રી, મુખ્યમંત્રી, શિક્ષકો સૌ કહે છે. મોબાઇલમાં તો કમ્પ્યૂટર ઉપરાંત મેસેજ અને વાતચીત થઇ શકે તેવાં બે

એડિશનલ ફીચર્સ છે. આ વિશિષ્ટતા તેને શૈક્ષણિક સંસ્થામાંથી હકાલપટ્ટી કરાવે તે કેટલું વાજબી ગણાય?” મિશિગનની યુનિવર્સિટીના પ્રો.લીઝ કૉલ્બે લખેલ પુસ્તક“ટોઇઝ ટુ ટુલ્સ : કનેક્ટિંગ સ્ટુડન્ટ સેલફોન ટુ એજ્યુકેશન” અત્યારે બેસ્ટ સેલરની યાદીમાં છે. જેમાં લેખિકાએ આપણે યુવાપેઢીથી કેટલા વિમુખ છીએ તેનું ભાન કરાવ્યું છે.. સંશોધનના અનેક હવાલા આપીને જણાવે છે કે બાળક રોજેરોજ જે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે, તેનાથી જુદી જ ટેકનોલોજીનો ઉપયોગ વર્ગખંડમાં કરવામાં આવે છે. પરિણામે શીખવા પ્રત્યે વિદ્યાર્થીઓ ઉદાસીન બન્યા છે. મોબાઇલ એ રમકડું નથી, માહિતીનો દરિયો છે, જેટલો ઉલેચવો હોય તેટલો ઉલેચો. અભિષેક બચ્ચનની જાહેરાત “ વોટ એન આઇડિયા સરજી”માં વિદ્યાર્થી માટે મોબાઇલ દ્વારા વર્ગખંડ શિક્ષણની વ્યવસ્થા ઊભી કરી છે !

યુવાપેઢીને બગાડવામાં મોબાઇલ જેટલો વગોવાયો છે તેટલાં વર્તમાનપત્રો, સામયિકોમાં છપાતું અશ્લીલ સાહિત્ય, કેટલીક ફિલ્મો, કેટલીક ચેનલો, હુક્કાબાર વગેરે વગોવાયા નથી. મોબાઇલને વગોવાથી તેની ઉપયોગીતામાં સહેજ પણ ઘટાડો થવાનો નથી. સરકારના નિયમો પણ લોકોની સગવડતાથી વિરુદ્ધના હશે તો લોકો તેવા નિયમોનો ભંગ કરશે જ. હાંસીપાત્ર બનશે માત્ર નિયમો ઘડનારા. નાસ્તો કે પાણીની બોટલ લઇને જનાર વિદ્યાર્થી ઇચ્છા હોવા છતાં તેનો ઉપયોગ રિસેસમાં જ કરે છે તેમ મોબાઇલનો પણ ઉપયોગ કરે તો વાંધો શું છે?

આજનો મોબાઇલ માત્ર વાતચીત કે સંદેશાનું જ સાધન નથી રહ્યું. ત્રીજી પેઢીના મોબાઇલે તો દુનિયાને મુઠ્ઠિમાં લઇ લીધી છે. ત્યારે તેનો ઉપયોગ શૈક્ષણિક રીતે કરવામાં આવે તો ઘણાં ફાયદા થશે. મોબાઇલ સાથે આવતી ચોપડી વાંચીશું તો ખ્યાલ આવશે કે મોબાઇલનો શિક્ષણમાં ક્યાં, કેવો ઉપયોગ કરી શકાય તેમ છે? માહિતી સંગ્રહ, માહિતી પ્રાપ્તિ અને પ્રત્યાયનના સાધન તરીકે. શિક્ષકના લેકચર્સ વિદ્યાર્થી રેકોર્ડ કરીને ફરીથી સાંભળી શકે અને તે દિવસે ગેરહાજર વિદ્યાર્થીને સંભળાવી શકે. તો શિક્ષક પોતે સાંભળશે તો તેને પોતાના લેક્ચરની ખૂબીઓ કે મર્યાદાનો ખ્યાલ આવશે. શિક્ષકને પોતાના લેકચર્સ સુધારવા માટેનો ઇલાજ એટલે મોબાઇલમાં લેક્ચર્સ રેકોર્ડ કરવા અને સાંભળવા. મોબાઇલ હશે તો વિદ્યાર્થીએ ઘડિયાળ નહીં પહેરવી પડે, કઇ તારીખે કયો વાર છે તે જાણવા કે અન્ય નોંધ કરવા ફાંફા નહીં મારવા પડે. મોબાઇલમાં રહેલ બ્લ્યૂટુથને તો શિક્ષણ અને માહિતી આપલે માટેનો નજીકનો મિત્ર ગણાય. સાક્ષરતા અભિયાન હોય કે પ્રવાસ હોય. મોબાઇલ વિદ્યાર્થી અને શિક્ષકો માટે ઉપયોગી છે જ. મહાનુભાવોની મુલાકત વખતે ઓડિયો અને વિડિયો રેકોર્ડિંગ થઇ શકે. સ્વવિકાસ તલીમ માટે, અભ્યાસમાં આવતા મુદ્દાઓની આકૃતિ, નકશા વગેરે મેળવીને ઊંડી સમજ મેળવી શકાય. એક વિદ્યાર્થીએ મેળવેલ અગત્યની માહિતી આખા વર્ગમાં બ્લ્યુટૂથ દ્વારા આપી શકે. આજનો વિદ્યાર્થી પ્રયોગશાળામાં આવતા રીડીંગને મોબાઇલમાં સેવ કરીને રાખે છે, ગણતરી કરે છે. ચોક્કસ ડેટાને ઇન્ટરનેટ પરથી ડાઉનલોડ કરીને શિક્ષક કે મિત્રો સાથે ચર્ચા કરે છે. વર્ગખંડમાં ચોક એન્ડ ટોક, જ્યારે બહારની દુનિયામાં મેસેજ, ચેટિંગ, ઇમેલ, વેબકેમ વગેરે. વિદ્યાર્થી બિચારો કેવી રીતે મેળ બેસાડી શકે ? હવે તો ઇલર્નિંગ પણ જૂનું થવા લાગ્યું. અત્યારે એમ.લર્નિંગ ચાલી રહ્યું છે. દુનિયા જ્યારે ચોથી અને પાંચમી પેઢીનો મોબાઇલમા ઉપયોગ કરી રહી છે ત્યારે આપણે ત્રીજી પેઢીનો ઉપયોગ કરવામાં ગૌરવ અનુભવીએ છીએ ! ચીનની શાળાઓમાં એમ.લર્નિંગનું અમલીકરણ થઇ ગયું છે. હવે આપણી સરકાર મોબાઇલ પર માત્ર પ્રવેશ કે પરિણામની માહિતી આપશે તે નહીં ચાલે, તેણે દૂરવર્તિ શિક્ષણ પણ આપવું પડશે. મોબાઇલ વિદ્યાર્થીને વાલી તેમજ શિક્ષકના સતત સંપર્કમાં રાખી શકે છે. મોબાઇલને કારણે શક્તિ અને સમયનો બચાવ થાય છે, તેમજ સુરક્ષા પૂરી પાડે છે. અને હા..... અત્યારે ઉચ્ચશિક્ષણક્ષેત્રે ભારતમાં ગુજરાત જેનું નેતૃત્વ લઇ રહ્યું છે તે ઇકન્ટેન્ટ તૈયાર કરવામાં અધ્યાપકોને મોબાઇલ વગર ચાલવાનું જ નથી, અને ચલાવશે તો અનેક મુશ્કેલીઓ પડશે. નેતૃત્વ તો જશે પણ સાથે અધ્યાપકોનો રસ પણ જશે.

આચાર્ય ગ્રુપ એસ.એમ.એસ.નો ઉપયોગ કરીને સેકન્ડમાં જ ચોક્કસ સૂચના વિદ્યાર્થી કે વાલી સુધી પહોંચાડી શકે છે. નોટીસબોર્ડ પરની સૂચનાઓ, લેક્ચર નોટ, એસાઇનમેન્ટ્ના ફોટા પાડીને ઘેર જઇને

પોતાની અનુકૂળતાએ ઇચ્છે તેટલીવાર વાંચી શકે છે અને અન્ય મિત્રને એમએમએસ કે ઇમેલ દ્વારા મોકલાવી શકે છે. આજના વિદ્યાર્થીને પુસ્તકાલયો નાના પડે છે તેમજ જોઇતી માહિતી સોધવાનો સમય બહુ ખર્ચાય છે ત્યારે ઇન્ટરનેટ દ્વારા બેચાર મિનિટમાં જ પોતાને જોઇતી માહિતી હાલતા ચાલતા મેળવી શકે છે. (મોટું કમ્પ્યૂટર લઇને ફરી શકાય? વીજળી હોય ન હોય ત્યારે શું?). પ્રત્યાયન તો શિક્ષણનો મહત્ત્વનો અંશ છે. તેને બળવત્તર બનાવતા સાધનનો વિરોધ ક્યાંક તેના વિશેના અધૂરા ખ્યાલથી તો નથી કરી રુહયાં ને?

વાયરોના ગૂંચળા અને કનેક્શન વગર ઉપયોગમાં લઇ શકાય તેવા બીજા સાધનો કેટલા ? માટે તો નદીમાં પૂર આવવાની જાહેરાત કલેકટરશ્રી મોબાઇલ પર સંદેશા મોકલીને કરે છે. તો સિંગુરથી નેનો કારના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટને ખસેડી લેવાની જાહેરાતની પાંચમી મિનિટે માત્ર“સ્વાગતમ્” એવા એક શબ્દના મેસેજથી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના ટેક્સ્ટ મેસેજે ગુજરાતને નેનોની ભેટ ધરી.

છોડો કલકી બાતે, કલકી બાત પુરાની...............